GSECL

**Gujarat State Electricity Corporation Limited**

An ISO-9001-2008 Certified Company

**Regd. Office: Vidyut Bhavan, Race Course, VADODARA – 390 007.**

Tel: 0265-6612102/08, Fax: (0265) 2344537, E-Mail: cegen.gsecl@gebmail.com, Web: www.gsecl.in

**" Save Energy for the benefit of Self and Nation "**


**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ -** નેપચ્યુન ટાવર, ૧ લો માળ, નહેરૂ પુલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૯

**ની સમક્ષ**

**<u>અરજદારઃ–</u>** **ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ – વડોદરા.**

નીચેના સંદર્ભમાં

ઉપરોકત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા** દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના ટ્રુ અપ માટે, નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ ના માટે એન્યુઅલ પર્ફોમન્સ રીવ્યુ કરવા બાબતેની અરજી તથા નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ થી ૨૦૧૫–૧૬ માટે વીજદર નિર્ધારીત કરવા બાબતેની મલ્ટી ઈયર ટેરીફ પીટીશન કેસ નંબર <u>૧૦૬૧/૨૦૧૧</u> દ્વારા, વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમવર્ક રેગ્યુલેશનની જોગવાઈ હેઠળ કરાયેલ છે.

સૂચના

ઉપરોકત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** એ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના ટ્રુ અપ માટે, નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ ના માટે એન્યુઅલ પર્ફોમન્સ રીવ્યુ કરવા બાબતેની અરજી તથા નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ થી ૨૦૧૫–૧૬ માટે વીજદર નિર્ધારીત કરવા બાબતેની મલ્ટી ઈયર ટેરીફ પીટીશન કેસ નંબર <u>૧૦૬૧/૨૦૧૧</u> દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તેમજ "મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમવર્ક રેગ્યુલેશન" ની જોગવાઈ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા હેઠળ છે.

ઉપરોકત બાબતે "ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ઓફ ટેરીફ નિયમન – ૨૦૦૫" ની જોગવાઈની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને તારીખ **<u>૦૭.૦૨.૨૦૧૧</u>** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

રસ ધરાવનાર વ્યકિતઓને સદર અરજીની નકલ મહા પ્રબંધક (નાણાં અને હિસાબ), ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા પાસે નિરિક્ષણ માટે મળી શકશે.

સદર અરજીની નકલો **ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** ની વડી કચેરીમાંથી મહા પ્રબંધક (નાણાં અને હિસાબ) પાસેથી જરૂરી રકમ ભરપાઈ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૩૦૦/- (રૂા. ત્રણસો પૂરા) પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/– (રૂા. પચાસ પૂરા) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી **ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ,** ના નામે મોકલવાના રહેશે.

ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.gsecl.in ઉપરથી પણ મેળવી શકાશે.

**વતી, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ**

**( એમ. બી. કાકા)**
મહા પ્રબંધક (નાણાં અને હિસાબ),
ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ
વિદ્યુત ભવન, રેસકોર્ષ,
વડોદરા.